Extra No. 424

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૬

વંચાણમાં લીધું: રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-મતય-૧(૪)-૦૬૨૦૨૬-ક/૨૦૦૦૮ થી ૨૦૦૮૨, તા.૧૭-૦૬-૨૦૨૬

ક્રમાંક: રાચઆ-જિ.તા.પં-મતય-ઉપાર્ટ-૩-૦૬૨૦૨૬-ક-૨૦૨૯૪ થી ૨૦૩૩૫: ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૭, ૧૮ તથા કલમ-૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે સંબંધિત જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ (પુરવણી સહિત) ઉપરથી ખાલી પડેલ બેઠકોની (જે તે મતદાર વિભાગ પૂરતી) મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે.

૨. સને-૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના કરી સીમાંકન કરેલ છે, જેના છેલ્લા સિમાંકન પ્રમાણેના જ મતદાર મંડળોની હદ મુજબ જે બેઠક ખાલી પડેલ હોય તેની મતદારયાદી તૈયાર કરવાની થાય છે. ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ ફોટોવાળી મતદારયાદી ઉપરથી જિલ્લા / તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની મતદારયાદી તૈયાર કરવા અંગે સંબંધિત મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓને વંચાણવાળા પત્રથી નમૂના-૨ અને

નમૂનો-અ તૈયાર કરવા વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. જેના અનુસંધાને જિલ્લા / તાલુકા પંચાયતોની પેટા ચૂંટણી હેઠળની ખાલી પડેલ બેઠક ની અદ્યતન સ્થિતિએ મતદારયાદીઓ તૈયાર કરી, પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કરે છે.

અ.નં	વિગત	તારીખ
૧	ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ ફોટોવાળી મતદારયાદી પરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની વિભાગવાર (બેઠક ખાલી પડેલ હોય તેની) મતદારયાદીઓ તૈયાર કરી પ્રાથમિક પ્રસિદ્ધિ કરવાની તારીખ	૨૨/૦૬/૨૦૨૬
૨	ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૩(ક) તથા ૩ (ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ	૨૯/૦૬/૨૦૨૬
૩	રજૂ થયેલા દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ	૩૦/૦૬/૨૦૨૬
૪	મતદાર યાદી (પુરવણી સહિત) ની આખરી પ્રસિદ્ધિની તારીખ	૦૧/૦૭/૨૦૨૬

૩. જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૦૩-૦૫-૧૯૯૫ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકાશે તથા તે માટે પુરવણી મતદારયાદી નિયત નમૂનામાં તૈયાર કરવાની રહેશે.

૪. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદારયાદી તૈયાર કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે 'ગુજરાત ઈન્ફોટેક લીમિટેડ, અમદાવાદ' ને એજન્સી તરીકે નક્કી કરેલ છે. જિલ્લા / તાલુકા પંચાયતોની ખાલી પડેલ બેઠકો માટે મતદાર મંડળોના વિભાગવાર મતદારયાદી તૈયાર કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીઓએ નિયત સમયમર્યાદામાં કાયદા-નિયમોનુસાર જરૂરી સુધારા - વધારા કરી, ત્યારબાદ ચકાસણી કરી એજન્સી (ગુજરાત ઈન્ફોટેક લીમિટેડ, અમદાવાદ) પાસેથી મતદારયાદીની સોફ્ટ કોપી (PDF) મેળવી લેવી તથા મતદારયાદીની પ્રસિદ્ધ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૫. જિલ્લા / તાલુકા પંચાયતોની પેટા ચૂંટણી હેઠળની બેઠકોની આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી (પુરવણી સહિત) ની બે નકલ (એક નકલ છાપેલી અને બીજી નકલ સોફ્ટકોપીમાં PDF સ્વરૂપે - મતદારોના ફોટા વગરની) સંબંધિત નિયમોનુસાર માન્ય રાજકીય પક્ષોને પૂરી પાડવા તથા ચૂંટણી પ્રક્રિયા માટે મતદારયાદીની જરૂર પૂરતી નકલો કઢાવી રાખવા પૂર્વ આયોજન કરવાનું રહેશે.

૬. પેટા ચૂંટણી હેઠળની બેઠકો માટે સેવા મતદારોની યાદી નક્કી થયેલ નમૂનામાં આપના કક્ષાએથી તૈયાર કરી તેની પ્રસિદ્ધિ કરવાની રહેશે.

૭. મુસદ્દારૂપ (પ્રાથમિક) મતદારયાદી અને આખરી મતદારયાદીની નિયમોનુસાર નક્કી કરેલ સ્થળોએ પ્રસિદ્ધિ કરી તે અંગેના પુરાવા / રેકર્ડ આપની કક્ષાએથી નિભાવવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

(સહી/-) અવાચ્ય,
સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.02 21:20:45 IST